પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, સેકટર-૧૦, ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦,

ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેલ:-dpe.guj@gmail.com

**E-MAIL**

ક્રમાંકઃપ્રાશિનિ/RTE/પરિપત્ર / ૨૦૨૩/૧૨૯૦-૧૩૭૯

તા. ૧૧/૧૦/૨૦૨૩

પ્રતિ,

**- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**

જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**

**- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **તમામ**

**-શાસનાધિકારીશ્રી,**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, **તમામ**

**વિષય-** પ્રાથમિક શાળામાં બાળકોને શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપવા પર પ્રતિબંધ મૂકવા બાબત

**સંદર્ભ:-** ૧. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯

૨.ગુજરાત RTE નિયમો-૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃGH SH4-PRE-૧૨૨૦૧૦-GOI-10/K તા.૧૮/૦૨/૨૦૧૨

૩.શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક, તા. ૧૮/૦૨/૨૦૧૧

૪. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧/૨૦૧૪/સિ.ફા./૧૦/ક,તા. ૦૨/૧૨/૨૦૧૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. તથા, આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ સમગ્ર રાજ્યમાં અમલમાં છે. રાજ્યમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ દ્વારા અભ્યાસ કરતાં શાળામાં શારીરિક શિક્ષા તથા માનસિક ત્રાસ આપવા અંગેની મૌખિક રજુઆતો અત્રેની કચેરીનાં ધ્યાન પર આવેલ છે.

આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ની કલમ-૧૭માં નીચે મુજબ જોગવાઇ છે.

(૧) કોઇપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકશે નહિ.

(૨) પેટા કલમ (૧) ની જોગવાઇઓનો જે કોઇ ભંગ કરશે તેવી વ્યકિત સામે આવી વ્યકિતને લાગુ પડતા સેવા નિયમો હેઠળ શિસ્ત વિષયક પગલાં લઇ શકાશે.

આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ની કલમ-૧૭(૧),૧૭(૨) અને કલમ-૩૮ ની જોગવાઇ મુજબ શિક્ષણ વિભાગના સંદર્ભ-૩ દર્શિત ઠરાવથી રાજ્ય માં આવેલી તમામ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.ઈ, આઇ.સી.એસ.ઈ. અથવા

અન્ય કોઈપણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વગેરે)ની શાળાઓના કોઈપણ બાળકને શાળાના શિક્ષકો અથવા આચાર્ય/સંચાલક દ્વારા કોઈપણ કારણસર શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ આપવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે. જેનો તમામ સંબંધિતોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો કોઈપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઈનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તે અંગે કોઈ રજૂઆત કે ફરીયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પડતા શિસ્ત વિષય નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

આ મુજબની અનિયમિતતા આચરતી શાળાઓ સામે શિક્ષણ વિભાગનાં સંદર્ભ-૪ દર્શિત ઠરાવનાં ક્રમ:૦૫માં દર્શાવેલ વિગત અનુસાર નીચે મુજબની દંડનિય કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | સંસ્થાઓ દ્વારા આચરવામાં આવતી અનિયમિતતા | અધિનિયમની કલમ | સૂચિત દંડ માટેની ભલામણ |
|---|---|---|---|
| ૦૫ | બાળકને શારીરિક શિક્ષા અને માનસિક ત્રાસ આપવા બાબત | કલમ- ૧૭ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીના દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ. ૨૫,૦૦૦/- |

તદ્ ઉપરાંત, શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત ઠરાવ તથા RTE એક્ટ-૨૦૦૯ અને ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ દ્વારા નિયત થયેલ નિયમો/જોગવાઈઓ અંતર્ગત અન્ય અનિયમિતતાઓ સબબ અધિકૃત અધિકારી દ્વારા તપાસનાં અંતે સબંધિત શાળા સામે દંડકીય કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તથા, સબંધિત શાળા દ્વારા દંડ ભરવામાં ન આવે તેમજ વારંવાર અનિયમિતતાઓ આચરવામાં આવે તેવા સંજોગોમાં અંતિમ પગલા તરીકે શાળા આ પ્રકારે નિર્દેશ કરેલ અનિયમિયતાઓ સતત પાંચ વખત કરે તો, તેવા સંજોગોમાં શાળા/સંસ્થાની માન્યતા રદ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. સદર બાબતે આપની કક્ષાએથી આપના તાબા હેઠળ આવતી તમામ બિન અનુદાનિત ખાનગી શાળાઓ તથા સંસ્થાઓને પુનઃ જરૂરી સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

**બિડાણ:** 1. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯-ક, તા. ૧૮/૦૨/૨૦૧૧

2.શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧/૨૦૧૪/સિ.ફા./૧૦/ક તા. ૦૨/૧૨/૨૦૧૪

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**ગુ.રા. ગાંધીનગર**

- **નકલ સવિનય રવાના:-**

-અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, નવા સચિવાલય., ગાંધીનગર

-અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

-માન. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર

)(2)
oral Punishment.

પ્રાથમિક શાળામાં બાળકોને શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપવા ઉપર પ્રતિબંધ મૂકવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૧૧
18 FEB 2011

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/6 NO: પીઆરઇ/૧૨૦૧૦/ ૫/ક તા.૧/૪/૨૦૧૦

પ્રસ્તાવનાઃ-

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૭માં નીચે મુજબ જોગવાઇ છે.

(૧) કોઇપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકશે નહિ.

(૨) પેટા કલમ (૧) ની જોગવાઇઓનો જે કોઇ ભંગ કરશે તેવી વ્યકિત સામે આવી વ્યકિતને લાગુ પડતા સેવા નિયમો હેઠળ શિસ્ત વિષયક પગલાં લઇ શકાશે.

આ કલમની જોગવાઇઓનો અમલ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર ધ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠ રા વઃ-

ભારત સરકાર દ્વારા આમુખ(૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Childern to free and Complusory Education Act 2009" ની કલમ-૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮ ની જોગવાઇ મુજબ

(૧) રાજ્ય માં આવેલી તમામ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા/અનુદાનિત અને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી. કે આઇ.સી.એસ.આઇ. અથવા અન્ય કોઇપણ બોર્ડ સાથે સંકળાયેલ કોઇપણ માધ્યમ(ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વગેરે)ની શાળાઓના

કોઇપણ બાળકને શાળાના શિક્ષકો અથવા આચાર્ય(સંચાલક) દ્વારા કોઇપણ કારણસર શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ આપવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે. જેનો તમામ સંબંધિતોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો કોઇપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઇનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તે અંગે કોઇ રજૂઆત કે ફરીયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પડતા શિસ્ત વિષયક નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

(૨) આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ./નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.



32

ભારત સરકાર ધ્વારા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ માટે આર.ટી.ઇ. એકટ-૨૦૦૯ અને તે હેઠળના નિયમો-૨૦૧૨ના અંતર્ગત અનિયમિતતાઓ સંદર્ભ દંડકીય જોગવાઇ કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૪/સી.ફા./૧૦/ક

સચિવાલય,ગાંધીનગર

તા.૦૨/૧૨/૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરની સિંગલ ફાઇલ ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/આર.ટી.ઇ./૨૦૧૪/ક ઉપરની તા.૫-૫-૨૦૧૪ની દરખાસ્ત.

આમુખઃ-

ભારત સરકાર દ્વારા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯નો અમલ રાજય સરકારે છે. રાજય સરકારે આ અધિનિયમ હેઠળ મળેલ સત્તાનીરૂએ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણ નિયમો-૨૦૧૨ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આર.ટી.ઇ.એકટ-૨૦૦૯ માં અધિનિયમની કલમ-૧૩ (૨) (ક), અધિનિયમની કલમ-૧૩(૨) (ખ) અને અધિનિયમની કલમ-૧૮(૫) ની જોગવાઇઓ મુજબ ઉલ્લંઘન બદલ દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ તે સંસ્થા ધ્વારા આર.ટી.ઇ.એકટ-૨૦૦૯ અને તે હેઠળના નિયમોના ઉલ્લઘંન સંદર્ભે નીચે સુચવેલ સંજોગોમાં દંડની જોગવાઇ કરવા બાબતે પ્રાથમિક નિયામકશ્રીએ વંચાણે લીધેલ ક્રમઃ(૧) અન્વયે સીંગલ ફાઇલ પર દરખાસ્ત કરેલ જે સરકારીશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ- કાળજી પૂર્વકની વિચારણાના અંતે નીચે જણાવેલ કિસ્સાઓમાં અધિનિયમની જુદી જુદી કલમો હેઠળ આચરેલ અનિયમિતતા માટે દંડની જોગવાઇ નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાઓ ધ્વારા આચરવામાં આવતી અનિયમિતતા | અધિનિયમની કલમ | સૂચીત દંડ માટેની ભલામણ |
|---|---|---|---|
| ૧ | નબળા અને વંચિત જૂથના બાળકોને ૨૫ ટકા અનામત જગ્યાઓ ઉપર નિશુલ્ક પ્રવેશ ન આપવા બાબત | કલમ-૧૨(૧) | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૨ | શાળા છોડયાનું પ્રમાણપત્ર ન આપવા બાબત. | કલમ-૫(૩) | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૩ | લાયકાત ધરાવતા વિદ્યાર્થીને પ્રવેશ ન આપવા બાબત | કલમ-૧૫ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૪ | વર્ગમાં અનુત્તિર્ણ કરી રાખી મુકવા અને શાળામાંથી કાઢી મુકવા બાબતે | કલમ-૧૬ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |

ન્યુ ૦૦૨

| | | | |
|---|---|---|---|
| ૫ | બાળકને શારિરીક શિક્ષા અને માસિક ત્રાસ આપવા બાબત | કલમ-૧૭ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ.૨૫,૦૦૦/- |
| ૬ | વિદ્યાર્થીને ગણવેશ પહેરવા અંગે કોઇ પણ પ્રકારનો દંડ કે શિક્ષા કરવા બાબત વિદ્યાર્થી વાલીની મરજી વિના શાળા છોડવા બાબતે દબાણ કરવા બાબત. શાળામાં આવવા માટે શાળાએ નકકી કરેલ, વાહનમાં આવવા-જવા માટે દબાણ કરવા બાબત. શાળા ધ્વારા ચલાવવામાં આવતી હોસ્ટેલમાં રહેવા બાબત. અને અમુક ચોકકસ દુકાનેથી ગણવેશ, નાસ્તો, પુસ્તકો અને સ્ટેશનરી ખરીદવા દબાણ કરવા બાબત. | કલમ-૧૭ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ.૨૫,૦૦૦/- |
| ૭ | સરકારશ્રી તરફથી અપાયેલ સૂચનાઓનું પાલન ન કરવા બાબત. | કલમ-૧૯ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ.૨૫,૦૦૦/- |
| ૮ | લાયકાત સિવાયના શિક્ષકો ધ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવે તો. | કલમ-૨૩ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ.૨૫,૦૦૦/- |
| ૯ | શાળાના શિક્ષકો ખાનગી ટયુશન કરતા હોય અને બાળકોને ટયુશન રાખવા માટે દબાણ કરતા હોય. | કલમ-૨૮ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ.૨૫,૦૦૦/- |
| ૧૦ | સરકારશ્રીના પરીક્ષા (મુલ્યાંકન) અંગેના નિયમોનું શાળા ધ્વારા ઉલ્લંઘન કરવામાં આવે. | કલમ-૨૯ | પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ.૨૫,૦૦૦/- |

૨. સરકારશ્રીના જાહેરનામા, ઠરાવ, પરિપત્રો કે સરકારની સૂચનાઓની અવગણના સબબ તેમજ ફરિયાદ થતાં અધિકૃત અધિકારી ધ્વારા તપાસના અંતે કરવામાં આવેલ આ દંડનીય જોગવાઇ મુજબ દંડ ભરવામાં ન આવે તેમજ વારંવાર અનિયમિતતાઓ આચારવામાં આવે તેવા સંજોગોમાં અંતિમ પગલાં તરીકે શાળા આ પ્રકારે નિર્દેશ કરેલ અનિયમિતતાઓ સતત પાંચ વખત કરે તો, તેવા સંજોગોમાં શાળા/સંસ્થાની શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે. આ બાબતે આખરી નિર્ણય જે તે જિલ્લાના અધિકૃત અધિકારી એટલે કે જિલ્લા પંચાયતના વિસ્તારની શાળાઓ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અધિકૃત નગરપાલિકા/મહાનગરપાલિકા, કેન્ટોનમેન્ટ વિસ્તારની શાળાઓ માટે જે તે જિલ્લાના શિક્ષણાધિકારીઓશ્રીની રહેશે.

3. સી.બી.એસ.સી. અથવા આઇ.સી.એસ.ઇ. કે અન્ય બોર્ડની શાળાઓ માટે આપેલ એન.ઓ.સી. રદ કરવા સંબંધિત બોર્ડને તે શાળાની માન્યતા રદ કરવા રાજય સરકાર દ્વારા ભલામણ કરવામાં આવશે.

૪. આ ઉપરાંત જો શાળા મેનેજમેન્ટ સજાથી નારાજ હોય તો વિભાગ કક્ષાએ અપીલ કરી શકે છે. આ અંગે નાયબ સચિવ/સંયુકત સચિવ/અધિક સચિવશ્રી(અપીલ) ને આ અપીલો સાભળી નિર્ણય લેવા માટે અધિકૃત કરવામાં આવે છે.

૫. આ દંડનીય જોગવાઇઓ નિયમાકશ્રી પ્રાથમિક શિક્ષણે સબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે. અને કાર્યવાહી અંગે નિયમોના પરિપ્રેક્ષમાં જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા કમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૩/૯/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. બ્રહ્મભટ્ટ )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી.રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય
- સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય
- સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુજરાત રાજય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત મા.અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા/નગરપાલિકા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ( વેબ સાઇટ મૂકવા સારૂ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/સિલેકટ ફાઇલ